આઝાદીનો અર્થ : ઉમર ખાલિદને એક અધ્યાપકનો પત્ર

આઝાદ વિચારનો ચહેરો બનનારા ઉમર ખાલિદ છેલ્લા એક દાયકાથી જેલમાં હોવા છતાં બહાર તેમની ચર્ચા સતત થતી રહે છે. હાલમાં તેમનું એક પુસ્તક પ્રકાશિત થયું છે. નામ છે : 'ફ્રેક્ચર્ડ કોમ્યુનિટીઝ - આદિવાસી હિસ્ટરીઝ એન્ડ ધ પોલિટિક્સ ઑફ પાવર.' ખાલિદ પર જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાં દેશવિરોધી નારા લગાવવાનો અને 2001માં થયેલા સંસદ હુમલાના દોષિત અફઝલ ગુરુની ફાંસીના વિરોધમાં પ્રદર્શન કરવાનો આરોપ છે. જોકે સુપ્રીમ કોર્ટમાં થઈ રહેલી સુનાવણીમાં કાયદાના નિષ્ણાતોએ નોંધ્યું છે કે ખાલિદ વિરુદ્ધના પુરાવા નબળા છે, તેમ છતાં ઉમર ખાલિદને જામીન મળી રહ્યા નથી. દેશમાં અનેક જાગ્રત નાગરિક મંડળોએ ઉમર ખાલિદના ન્યાય માટે અરજ કરી છે, પરંતુ સુપ્રીમ કોર્ટ તેમને જામીન આપતી નથી. આ અગાઉ પણ 2020માં તેમના પત્રો અને લખાણોનું સંપાદિત પુસ્તક 'ઉમર ખાલિદ એન્ડ હિઝ વર્લ્ડ - એન એન્થોલોજી' પ્રકાશિત થયું હતું. ઉમર વિશે હાલમાં પ્રસ્તુત વાત તેમના પુસ્તકની તો છે જ; પણ સાથે સાથે 'ધ વાયર' નામના ન્યૂઝ પોર્ટલ પર હાલમાં 'આઝાદી કે માયને' નામની હપ્તાવાર સિરીઝ પણ પ્રકાશિત થઈ રહી છે. આ લેખમાળામાં ચુનંદા લેખકો પોતપોતાની રીતે આઝાદીના વ્યાપક અર્થની વિભાવના રજૂ કરી રહ્યા છે. તેમાં કેટલાંક એકેડેમિશિયન, સાહિત્યકારો અને પત્રકારો પણ છે.

તાળું માત્ર એક વ્યક્તિની આઝાદી પર નથી લાગતું, તે અવાજ વિશ્વવિદ્યાલયો, સભાઓ અને એ તમામ બાળકો સુધી પહોંચે છે, જે હવે બોલતાં પહેલાં એવું વિચારે છે કે આની કેટલી કિંમત ચૂકવવી પડશે

ઉમર ખાલિદને દિલ્હી યુનિવર્સિટીના અધ્યાપક વિરેન્દ્રસિંહ ચૌહાણે એક પત્ર લખ્યો છે અને તે પત્રમાં તેમણે ઉમરની અને દેશની આઝાદીના ખ્યાલને શબ્દોમાં રજૂ કર્યો છે.

વિરેન્દ્રસિંહ ચૌહાણ 'પ્યારે ઉમર' એમ કહીને 15 ઑગસ્ટના રોજ આઝાદીના દિવસે શું-શું થશે તેની વાત શરૂઆતમાં મૂકે છે અને આગળ લખે છે કે, 'હું તમને કોઈ વાર્તાનો હીરો બનાવવા માટે પત્ર નથી લખી રહ્યો. ન તો તમને દિલાસો આપવાની મારી ક્ષમતા છે. ન તમારા વતી બોલવાનો કોઈ અધિકાર. જેલની દિવાલો, બંધ દરવાજા, ગણતરીની મુલાકાતો અને સામાન્ય જીવનથી અંતર - બહાર બેસેલો વ્યક્તિ આનો પૂરો મતલબ ક્યાં સમજે છે? હું એટલું જરૂર સમજું છું કે પૂરો મુકદ્દમો ચાલ્યા વિના, વર્ષોની કેદ માત્ર તમારી પાસેથી દિવસો નથી છીનવતી. તે પરિવારનું હાસ્ય, માતા-પિતાની ઊંઘ, મિત્રોનો સમય, પ્રેમની સહજતા અને ભવિષ્યની તસવીરમાં કશુંક ને કશુંક તમારામાંથી કાપી નાંખે છે. બહાર કૅલેન્ડર પર તારીખ બદલાય છે, જેલની અંદર સંભવતઃ એ જ તારીખ સ્મૃતિમાં લખાય છે.' અધ્યાપક આગળ લખે છે કે, 'ઉમર, તમને થયેલી જેલ મને અન્યાય લાગે છે. આ મારો સ્પષ્ટ નૈતિક અને નાગરિક નિર્ણય છે. અદાલતની પોતાની કાર્યવાહી છે, આરોપ અને બચાવ પોતાની જગ્યાએ. પરંતુ કોઈ નાગરિકનો મુકદ્દમો પૂર્ણ થાય તે પહેલાં જ કેદ આટલી લાંબી થઈ જાય કે જીવનનો મોટો ભાગ સજાની જેમ વિતવા લાગે, તો આપણે કાયદાની પુસ્તકો દાખવીને પોતાની જાતને નિર્દોષ નથી ઠેરવી શકતા. ત્યારે કાર્યવાહી અને સજાનો અંતર દૂર થઈ જાય છે. જેલમાં એ યુવાનો હોય, જેમની ઓળખ સવાલ પૂછવાની, દલીલો કરવાની અને શાસન સામે અસંમતિ દાખવવાની હોય. તાળું માત્ર એક વ્યક્તિની આઝાદી પર નથી લાગતું. તે અવાજ વિશ્વવિદ્યાલયો, સભાઓ અને એ તમામ બાળકો સુધી પહોંચે છે, જે હવે બોલતાં પહેલાં એવું વિચારે છે કે આની કેટલી કિંમત ચૂકવવી પડશે.'

અધ્યાપક વિરેન્દ્રસિંહ ચૌહાણ પત્ર તો વ્યક્તિગત રીતે ઉમરને લખી રહ્યા છે, પરંતુ તેઓ દેશમાં જે કંઈ બન્યું છે અને તેમાં ઉમર સાથે કેવી રીતે અન્યાય થઈ રહ્યો છે તેનો આખો વિસ્તૃત અહેવાલ લખતા હોય તેમ બધું લખે છે. આગળ તેમના શબ્દો છે : 'તમારો એક વધુ સ્વતંત્રતા દિવસ જેલમાં વિતવો તે આ આઝાદ દેશની કડવી વાસ્તવિકતા છે. પરંતુ તેથી પણ વધુ ક્રૂર વાસ્તવિકતા એ છે કે આપણામાંથી ઘણાએ આ અંગે વાંચવાનું જ છોડી દીધું છે. લાંબી કેદ પહેલાં તો સમાચાર બને છે, પછી તે સમાચાર જૂના બનતા જાય છે અને આખરે આપણી સ્મૃતિમાં ધૂંધળા બને છે. પહેલાં બેચેની થાય છે, પછી આદત પડી જાય છે અને પછી અંતહીન મૌન. આ મૌનમાં મારો પણ હિસ્સો છે. અને આ વાત કહેતાં મને શરમ આવે છે.

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

હું અધ્યાપક છું, બાળકોને કહું છું કે સવાલ પૂછો. બંધારણ વાંચો. ડરીને ચૂપ ન બેસી રહો. મંચ પરથી વિશ્વાસ સાથે કહું છું કે અસંમતિ નાગરિકોની તાકાત છે. જોકે હું તો પછી ક્લાસ, રેકોર્ડિંગ, પ્રવાસ અને પોતાના રોજિંદા જીવનમાં પાછો ફરી જાઉં છું. તમારા અર્થે ક્યારેક દુઃખી થયો, ગુસ્સો પણ આવ્યો, કશુંક કહ્યું પણ ખરું, પરંતુ જેટલું બોલવું જોઈએ એટલું ન બોલી શક્યો. જેટલા સમય સુધી બેચેની રાખવી જોઈએ, સંભવતઃ તે ન રાખી શક્યો. તમારી કેદ માટે હું કોઈ રીતે જવાબદાર નથી. પરંતુ આ વાતને ક્ષુલ્લક બનાવી દેવાના સામાજિક મૌનમાં હું પોતાની જાતને પાક-સાફ નથી સમજી શકતો.'

કેટકેટલી પોતાની મર્યાદા અધ્યાપકે અહીં દર્શાવી દીધી છે. તેમનાથી જે કંઈ ન થઈ શક્યું, તે બધું જ તેમણે અહીં પ્રમાણિકપણે બયાન કરી દીધું છે. આગળ તેઓ લખે છે : 'શિક્ષક હોવું એટલે માત્ર યોગ્ય ઉત્તર સમજાવી દેવો જરૂરી નથી. ક્યારેક-ક્યારેક વિદ્યાર્થી સામે પોતાની મર્યાદા અને પોતે કરેલું સમાધાન પણ સ્વીકારવું જોઈએ. અમે તમારી પેઢીને કહ્યું હતું કે, આ લોકતંત્ર તમારું છે. પ્રશ્ન કરતા રહો, બંધારણ પર ભરોસો રાખજો, શાંતિ સાથે અસંમતિ દાખવતા રહો. પરંતુ જ્યારે પ્રશ્નોની કિંમત તમારી આઝાદીથી ચૂકવાઈ, ત્યારે અમારામાંથી કેટલાં લોકો તમારી સાથે રહ્યા, જેઓ જેટલી ઠોસ રીતે ક્લાસમાં અસંમતિનું મહત્ત્વ ભણાવ્યું હતું. તમારો જેલવાસ, રાજ્યતંત્રની સાથે સાથે અમારા જેવા શિક્ષકો, પત્રકારો અને નાગરિકોની પણ પરીક્ષા છે. અને સત્ય તો એ છે કે અમે સારા ગુણોથી પાસ નથી થયા.'

અધ્યાપકના સંદર્ભોમાં રાજકારણ તો છે જ, પરંતુ તેમણે શિક્ષણજગતને પણ આવરી લીધું છે. આગળ તેઓ આઝાદીના સમયને ટાંકતાં કહે છે કે, 'આજે 1947ને વિજયની તારીખની જેમ જોવી મુશ્કેલ છે. અંગ્રેજી રાજથી મુક્તિ સામાન્ય વાત નહોતી. તેમાં થતી લૂંટ, અંગ્રેજોનો અહંકાર અને એ ખ્યાલ પર ઊભેલી સત્તાનો અંત હતો - જે એવું માનતા હતા કે હિંદુસ્તાન પોતાના માટે નિર્ણય લેવા માટે સક્ષમ નથી. પરંતુ સરકાર બદલાઈ જવાથી દરેક વ્યક્તિ આઝાદ થઈ જતો નથી. 1947થી અંગ્રેજોથી મુક્તિ મળી. 1950થી બંધારણે પ્રજાને નાગરિક બનાવવાનું કામ શરૂ કર્યું. એ ફરક ભૂલી જઈએ કે ધ્વજ બદલાય છે, શાસકની ભાષા પણ બદલાય છે, પરંતુ સત્તા અને માણસનો જૂનો સંબંધ છે, જે નવા કપડામાં આવી શકે છે.

આપણા બંધારણે ભારતને માત્ર સાર્વભૌમ રાષ્ટ્ર નથી કહ્યું. તેણે કહ્યું છે કે આપણે લોકતાંત્રિક, સમાજવાદી અને ધર્મનિરપેક્ષ ગણરાજ્ય બનવું છે. આ શબ્દો ખાસ્સા ગંભીર લાગી શકે છે, પરંતુ તેનો અર્થ એકદમ ઘરેલુ છે. લોકતંત્રનો અર્થ છે કે બહુમતી સરકાર તો બનાવી શકે છે, પરંતુ કોઈ નાગરિકના સન્માનની માલિક બની શકતી નથી. ધર્મનિરપેક્ષતાનો મતલબ છે કે તમારો ધર્મ અને અધિકાર તમારી પ્રામાણિકતાનો માપદંડ નહીં હોય. સમાજવાદનો મતલબ છે કે ભૂખ, બીમારી અને રોજગારીથી આઝાદી માત્ર શ્રીમંતોની સગવડ સુધી મર્યાદિત નહીં રહે. ગણરાજ્યનો અર્થ છે કે આ દેશ રાજા, પરિવાર, ધર્મ, જ્ઞાતિ કે નેતાની માલિકીનો નથી, આ સૌની સહિયારી જગ્યા છે.' પત્ર તો ખાસ્સો લાંબો છે. અધ્યાપકે તેમાં બંધારણની અનેક વિગતો ટાંકી દીધી છે. પત્રના બહાને જાણે તેમણે એક આદર્શ સમાજની વિભાવના મૂકી આપી છે. સાથે તેઓ તેની મર્યાદા પણ દર્શાવતા જાય છે.

પત્ર વિસ્તૃત છે, તેમાંથી થોડી વિગતો અહીં ટાંકી છે. આખરે પત્ર લખનાર ઉમરને લખે છે કે, 'એક દિવસ જેલનો દરવાજો ખુલે, એવી દુઆ છે. પરંતુ તેનાથી પણ મોટો આશીર્વાદ એ છે કે આ દેશના દરવાજા એટલા ખુલે કે કોઈ વિદ્યાર્થીને પોતાના પ્રશ્ન, નામ, ધર્મ કે અસંમતિની આવી કોઈ કિંમત ક્યારેય ચૂકવવી ન પડે.'

ખાડા રે ખાડા: રસ્તા પરનું ખરબચડું ખંજન

ટાઇટલ્સ: સ્વીકારેલું દુઃખ, દુઃખ નથી રહેતું.
(છેલવાણી)

૨-૩ વર્ષ પહેલાં સુરતમાં રસ્તા પર પડેલા ખાડામાં એક માણસ ગાદલું મૂકીને આરામ કરતો હતો. લાગે છે કે જેમ પહેલાં લોકો ગુફામાં રહેતા હતા, એમ ભવિષ્યમાં લોકો ખાડામાં ઘર માંડીને રહેશે. પ્લેટો નામના વિચારકે 'ગુફા સિદ્ધાંત' પુસ્તકમાં લખેલું કે જે લોકો ગુફામાં રહે છે એ આગની રોશનીને જ સત્ય માને છે ને સૂરજથી અણજાણ રહે છે! જેમ આપણે ત્યાં દરેક શહેરનાં સત્તાવાળાં રોડ પરના ખાડાથી સાવ અજાણ જ છે. ૧૯૬૯માં છપાયેલું એક બાળનાટક છેક ૧૯૮૦માં અમે સ્કૂલમાં ભજવેલું, જેમાં ડાયલોગ હતો: "સાંભળ્યું છે કે ચાંદ પર પણ ખાડા છે. શું ત્યાં પણ મ્યુનિસિપાલિટી છે?" વિચાર કરો કે ૧૯૬૯ પછી દુનિયામાં પાકિસ્તાનના બે ટુકડા થઈ ગયા, જર્મનીના બે ટુકડા જોડાઈ ગયા, રશિયાના અનેક ટુકડાઓ થઈ ગયા, પણ ચાંદ પરના ખાડાની જેમ રોડના ખાડા એમના એમ જ છે. જો કે 'ચાંદ' પર વારેવારે ગીત લખનાર ગુલઝારે, ચાંદ કે રસ્તાના ખાડા પર (તકિયા-ચાદર, બર્તન પછી) હજુ કોઈ ગીત કેમ નથી લખ્યું એ નવાઈની વાત છે! આપણે ખાડામાં પડીને કેટકેટલાં પુરુષો જીવનભર ઘવાતા જ રહ્યા છે ને? તો પછી બિચારા રોડના ખાડાઓનો જ શું વાંક કે ગાળો ખાય? ખાડા, ખાડા છે! દેશમાં ૭૬ વરસથી ૯૦% લોકોના પેટના ખાડા નથી પૂરાતા, તો પછી માત્ર રોડના ખાડાઓ જ કેમ બદનામ થાય?

ખરેખર તો રોડના ખાડાઓને 'રાષ્ટ્રીય વારસો' કે 'નેશનલ હેરિટેજ' ઘોષિત કરી દેવા જોઈએ, જેથી બિચારા ખાડાઓની ટીકા બંધ થાય. જે ઇલાકામાં સૌથી વધુ ખાડા હોય એવા વિસ્તારના નગરસેવક કે એમ.એલ.એ.નું જાહેર સન્માન કરી નાખવાનું, જેથી એમને પણ ખ્યાલ આવે કે એમને ત્યાં કેવા રસ્તાઓ છે. 'પ્રિ-વોશ્ડ જીન્સ'ની જેમ રોડ બનાવનારી કંપનીઓને અગાઉથી જ કહી દેવાનું કે ક્યાં ક્યાં કેટલા ખાડા કરવાના છે. પછી એ રેડીમેડ ખાડાઓની આસપાસ જ ભૂલભૂલામણીની જેમ રસ્તો બનાવવાનો! એ માટે બેંકો કે મોટી કંપનીઓએ ખાડાઓને સ્પોન્સર કરવા જોઈએ. ખાડાઓ પર બેન્કવાળા જાહેરાત મૂકી શકે: 'અમારી બેન્ક કદીયે ખાડામાં નહીં જાય, તમારા પૈસા સલામત છે!' જો કે એક સમાચાર કહે છે કે વરસાદી ખાડાઓને લીધે હાડકાંના ડોક્ટરોની આવક ચોમાસામાં વધે છે, માટે એવા ડોક્ટરો પણ ખાડાઓને સ્પોન્સર કરી આપણી અસ્મિતા જેવા ખાડાઓને સાચવી રાખ્યા છે, જે આપણી સિદ્ધિ કહેવાય. દેશના દરેક શહેરમાં વરસાદમાં ખાડા છે જ, તો કહી શકાય કે આ બાબતમાં દેશમાં ખરેખર એકતા છે. વળી, ગુજરાતમાં રોડ પરના ખાડાને 'ભૂવા' કેમ કહેવાય છે એનો જવાબ તો ભૂવાઓ કે ભાષાશાસ્ત્રીઓ પાસે પણ નથી.

ખરેખર તો રોડના ખાડાઓને 'રાષ્ટ્રીય વારસો' કે 'નેશનલ હેરિટેજ' ઘોષિત કરી દેવા જોઈએ, જેથી બિચારા ખાડાઓની ટીકા બંધ થાય

દેશમાં સરકારો આવે છે, જાય છે, પણ ખાડાઓ નથી જતા. એટલે ખાડાની બાબતે બધી રાજકીય પાર્ટીઓ દેશને સરખી રીતે ચાહે છે. બધી સરકારો મળીને દેશમાં ખાડા ખોદે છે, પણ કોઈ ખાડા પૂરતું નથી! ગુજરાતી રોમાન્ટિક કવિઓની કલમ વરસાદ પડવાથી બહુ ખીલે છે અને ઊછળી-ઊછળીને વરસાદ પર કવિતાઓ લખે છે, પણ ખાડાઓ પર ઊછળવા વિશે હજુ કોઈ કાવ્યો નથી લખાયાં, એ ચિંતાનો વિષય છે. મારા મત મુજબ કાર બનાવનારી કંપનીઓએ ખાડામાં ઊછળીને આગળ વધી શકે એવી રબરની કાર બનાવવી જોઈએ. જો રણમાં ચાલી શકે એવી ટેન્ક કે જીપ બની શકે, તો ખાડાવાળા રસ્તા પર ઊછળીને ચાલે એવી કાર કેમ નહીં? લુઇસ હેમિલ્ટન જેવા કાર-રેસિંગના ચેમ્પિયન પણ આપણા દેશના ખાડાવાળા રસ્તા પર ગાડી ચલાવવા જાય તો કાર છોડીને પદયાત્રા પર ઊતરી આવે.

મિજાજ મસ્તી
સંજય છેલ

ઇન્ટરવલ:

એક રસ્તા છે 'ઝિંદગી'
જો થમ ગયે તો કુછ નહીં. (સાહિર)

આપણે હવે ખાડાઓને પ્રેમથી સ્વીકારી લેવા જોઈએ, જેથી જનતાને દુઃખ ઓછું થાય. અમુક રસ્તા કે ચોક, નેતા કે કલાકારને નામ કરીએ છીએ એમ ખાડાઓ પણ મહાન હસ્તીઓના નામે ઓફિશિયલ કરી દેવાના, જેથી લોકો ખાડાને ગાળો ન આપે. વળી, હસતી છોકરીના ગાલના ખાડામાં પડીને કેટકેટલાં પુરુષો જીવનભર ઘવાતા જ રહ્યા છે ને? તો પછી બિચારા રોડના ખાડાઓનો જ શું વાંક કે ગાળો ખાય? ખાડા, ખાડા છે! દેશમાં ૭૬ વરસથી ૯૦% લોકોના પેટના ખાડા નથી પૂરાતા, તો પછી માત્ર રોડના ખાડાઓ જ કેમ બદનામ થાય?

ખરેખર તો રોડના ખાડાઓને 'રાષ્ટ્રીય વારસો' કે 'નેશનલ હેરિટેજ' ઘોષિત કરી દેવા જોઈએ, જેથી બિચારા ખાડાઓની ટીકા બંધ થાય. જે ઇલાકામાં સૌથી વધુ ખાડા હોય એવા વિસ્તારના નગરસેવક કે એમ.એલ.એ.નું જાહેર સન્માન કરી નાખવાનું, જેથી એમને પણ ખ્યાલ આવે કે એમને ત્યાં કેવા રસ્તાઓ છે. 'પ્રિ-વોશ્ડ જીન્સ'ની જેમ રોડ બનાવનારી કંપનીઓને અગાઉથી જ કહી દેવાનું કે ક્યાં ક્યાં કેટલા ખાડા કરવાના છે. પછી એ રેડીમેડ ખાડાઓની આસપાસ જ ભૂલભૂલામણીની જેમ રસ્તો બનાવવાનો! એ માટે બેંકો કે મોટી કંપનીઓએ ખાડાઓને સ્પોન્સર કરવા જોઈએ. ખાડાઓ પર બેન્કવાળા જાહેરાત મૂકી શકે: 'અમારી બેન્ક કદીયે ખાડામાં નહીં જાય, તમારા પૈસા સલામત છે!' જો કે એક સમાચાર કહે છે કે વરસાદી ખાડાઓને લીધે હાડકાંના ડોક્ટરોની આવક ચોમાસામાં વધે છે, માટે એવા ડોક્ટરો પણ ખાડાઓને સ્પોન્સર કરી આપણી અસ્મિતા જેવા ખાડાઓને સાચવી રાખ્યા છે, જે આપણી સિદ્ધિ કહેવાય. દેશના દરેક શહેરમાં વરસાદમાં ખાડા છે જ, તો કહી શકાય કે આ બાબતમાં દેશમાં ખરેખર એકતા છે. વળી, ગુજરાતમાં રોડ પરના ખાડાને 'ભૂવા' કેમ કહેવાય છે એનો જવાબ તો ભૂવાઓ કે ભાષાશાસ્ત્રીઓ પાસે પણ નથી.

દેશમાં સરકારો આવે છે, જાય છે, પણ ખાડાઓ નથી જતા. એટલે ખાડાની બાબતે બધી રાજકીય પાર્ટીઓ દેશને સરખી રીતે ચાહે છે. બધી સરકારો મળીને દેશમાં ખાડા ખોદે છે, પણ કોઈ ખાડા પૂરતું નથી! ગુજરાતી રોમાન્ટિક કવિઓની કલમ વરસાદ પડવાથી બહુ ખીલે છે અને ઊછળી-ઊછળીને વરસાદ પર કવિતાઓ લખે છે, પણ ખાડાઓ પર ઊછળવા વિશે હજુ કોઈ કાવ્યો નથી લખાયાં, એ ચિંતાનો વિષય છે. મારા મત મુજબ કાર બનાવનારી કંપનીઓએ ખાડામાં ઊછળીને આગળ વધી શકે એવી રબરની કાર બનાવવી જોઈએ. જો રણમાં ચાલી શકે એવી ટેન્ક કે જીપ બની શકે, તો ખાડાવાળા રસ્તા પર ઊછળીને ચાલે એવી કાર કેમ નહીં? લુઇસ હેમિલ્ટન જેવા કાર-રેસિંગના ચેમ્પિયન પણ આપણા દેશના ખાડાવાળા રસ્તા પર ગાડી ચલાવવા જાય તો કાર છોડીને પદયાત્રા પર ઊતરી આવે.